મુખ્યમંત્રી અમૃતમ "મા વાત્સલ્ય" યોજનાનો વ્યાપ
વધારવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એફપીડબલ્યુ-૧૦૨૦૧૨-૪૭૧-બ.૧
સચિવાલય ગાંધીનગર
તા. ૧૮-૧૦-૨૦૧૭

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ- ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૬/૦૩/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ-૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ- ૧૦૨૦૧૨/૪૭૧/બ.૧.

(૫) અધિક નિયામક (ત.સે.)ના તા. ૧૮-૧૦-૨૦૧૭ની એસએફએસ ફાઈલ પરની દરખાસ્ત

આમુખ:-

સંદર્ભ ક્રમાંક:- (૧) ના ઠરાવથી ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૨ થી ગરીબ રેખા હેઠળ જીવતા કુટુંબ (પાંચ વ્યક્તિ) ને ગંભીર બિમારીઓ માટે કુટુંબ દીઠ વાર્ષિક મહત્તમ રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) સુધીની કેશલેસ સારવાર મળી રહે અને આર્થિક રીતે ખર્ચાળ એવા ગંભીર રોગોમાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબને મદદરૂપ થવાના હેતુથી મુખ્યમંત્રી અમૃતમ "મા" યોજના અમલી કરેલ છે.

આ યોજનાને રાજ્યમાં મળેલ વ્યાપક આવકારને ધ્યાને લઇ સંદર્ભ ક્રમાંક:- (૨) ના ઠરાવથી "મા વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે. જ્યારે સંદર્ભ ક્રમાંક:- (૪) ના ઠરાવથી આવકની મર્યાદા રૂ. ૧.૨૦ લાખથી વધારીને રૂ. ૧.૫૦ લાખ (એક લાખ પચાસ હજાર પુરા) સુધીની પારિવારીક વાર્ષિક આવક ધરાવતા નીચલા મધ્યમ વર્ગોના પરિવારોની ગંભીર બિમારીઓની સારવાર વિના મુલ્યે મળી રહે તે માટે "મા વાત્સલ્ય" યોજના અમલી કરેલ છે.

હાલમાં "મા વાત્સલ્ય" યોજના હેઠળ લાભ મેળવવા માટે લાભાર્થીઓને વાર્ષિક રૂ. ૧.૫૦ લાખ કે તેથી ઓછી આવકના પ્રમાણપત્ર મેળવવાના રહે છે. વાર્ષિક રૂ. ૧.૫૦ લાખની આવક મર્યાદાના કારણે મધ્યમ વર્ગના કેટલાક પરિવારો યોજનાના લાભોથી વંચિત રહી જાય છે. જે ધ્યાને લઈ, સંદર્ભ ક્રમાંક:- (૫) થી "મા વાત્સલ્ય" યોજના હેઠળ વાર્ષિક રૂ. ૨.૫૦ લાખ સુધીની આવક ધરાવતા લાભાર્થીઓનો સમાવેશ કરવા દરખાસ્ત કરેલ છે.

સુધારા ઠરાવ:-

આથી પુખ્ત વિચારણાને અંતે વિભાગના સંદર્ભ ક્રમાંક (૪) ના ઠરાવમાં દર્શાવેલ રૂ. ૧.૫૦ લાખ (અંકે એક લાખ પચાસ હજાર પુરા) સુધીની પારિવારિક વાર્ષિક આવક ધરાવતાને બદલે રૂ. ૨.૫૦ (અંકે બે લાખ પચાસ હજાર પુરા) સુધીની પારિવારિક વાર્ષિક આવક ધરાવતા પરિવારનો "મા વાત્સલ્ય" યોજના હેઠળ સમાવેશ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

વિભાગના તા.૧૮/૪/૨૦૧૨, તા.૧૩/૦૮/૨૦૧૪, તા.૨૬/૦૩/૨૦૧૫ અને તા.૧/૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ/ ૧૦૨૦૧૨/ ૪૭૧/ બ.૧ ની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૧૮/૧૦/૨૦૧૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.બી.પટેલ)
સેક્શન અધિકારી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી (આરોગ્ય), સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી અંગત સચિવશ્રી .રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય), સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય.) કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉજીવરાજ મહેતા ભવન., ગાંધીનગર.

- અધિક નિયામકશ્રી(પ.ક./તબીબી સેવાઓ /ત.શિ./આરોગ્ય) કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉજીવરાજ મહેતા ભવન., ગાંધીનગર.
- નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમિયોપેથી, પધ્ધતિ,૧, ડૉજીવરાજ મહેતા ભવન., ગાંધીનગર.
- નિયામકશ્રી, તબીબી સેવાઓ કામદાર રાજ્ય વિમા યોજના, ઇન્કમટેક્ષ ઓફિસ સામે આશ્રમરોડ, અમદાવાદ.
- નાણાં સલાહકારશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહેસુલ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ સચિવાલય, ગાંધીનગર.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયાબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ /ગાંધીનગર .
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ આરોગ્ય અને તબીબી સેવાઓ
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી (તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- સેક્શન અધિકારીશ્રી – મ શાખા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૧૭.